## જન્મદિને વધામણી



ડો. કેશુભાઈ દેસાઈ
વરિષ્ઠ સાહિત્યકાર
મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨



ગર્વ જશુભાઈ પટેલ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮



સાગર હરીશ કલવાણી
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨



સાહિલ હરીશ કલવાણી
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨



શિવાંગ છાયા ત્રિવેદી
મો. ૯૭૨૪૩૧૭૩૫૮

### ગાંધીનગર ખાતે ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે

# ‘ઊર્જા’ ફૂટબૉલ સ્પર્ધાનો વિધિવત પ્રારંભ








ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર ખાતે બી.એસ.એફ, ગાંધીનગર દ્વારા આરંભ થયેલ અને તા. ૧૦મી મે, સુધી ચાલનારી ઉર્જા અંડર-૧૯ ફૂટબોલ પ્રતિભાવ ખોજા ખેલકૂદ પ્રતિયોગિતાને ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિધિવત ઘોષણા કરીને ખુલ્લી મુકી હતી.

આ પ્રતિયોગિતાને ખુલ્લી મુકતા ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ફીફા ફૂટ બોલ વર્લ્ડ કપ ભારતમાં યોજાનાર છે. ત્યારે દેશભરમાં તેનો માહોલ બનાવવા માટે આ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું છે. ફુટબોલની રમતના વિશ્વભરમાં નામાંકિત ખેલાડી એવા રોનાલ્ડ જેવા ફૂટબોલ ખેલાડી બનાવવા માટે આ પ્રતિયોગિતા મહત્વનું યોગદાન આપશે. આજે સમગ્ર વિશ્વમાં ફૂટબોલ ખૂબ જ લોકપ્રિય રમત છે. તેમજ વિશ્વના ૨૮૦ જેટલા દેશમાં આ રમત રમાય છે. ભારત દેશના યુવાનો આ રમત પ્રત્યે આકર્ષાય અને યુવાનોમાં પડેલી પ્રતિભાને બહાર લાવવા માટે આ પ્રતિયોગિતાનું આયોજન કરવું ખૂબ જ મહત્વનું યોગદાન આપશે. અંડર-૧૯ ફૂટબોલ પ્રતિભા ખોજા ખેલકૂદ પ્રતિયોગિતામાં આજે દેશભરના ૧૦ લાખથી વધુ ખેલાડીઓ જોડાયા છે.

દેશના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાત રાજયના તત્કાલીન મુખ્ય મંત્રી હતા, ત્યારે યુવાનોમાં રહેલી શક્તિ બહાર લાવવા માટે અનેક આયોજન કર્યો હતા. તેમણે સમગ્ર રાજયમાં ખેલ મહાકુંભની રમતનું આયોજન ગામ, તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાએ કરીને યુવાનોમાં રહેલી રમત અંગેની સુષ્પુત શક્તિને બહાર લાવવાનું પ્લેટફોર્મ આપ્યું હતું. દેશના વડાપ્રધાનનું ન્યૂ ઈન્ડિયા બનાવવાનું સ્વપ્ર છે. આ સ્વપ્ર સાકાર કરવા માટે માત્ર ઔદ્યોગિક, શૈક્ષણિક અને અન્ય ક્ષેત્રે જ વિકાસ થશે તે ચાલશે નહી, આ માટે સર્વાંગી વિકાસ કરવો ખૂબ જરૂરી છે. આવા કાર્યક્રમોના આયોજન થકી જ યુવાનોમાં પડેલી શક્તિ બહાર લાવી શકાય છે. તેમણે તમામ ખેલાડીઓને સ્પોર્ટસ મેન સ્પીરીટથી રમવા પણ ભારપૂર્વક જણાવીને ભાગ લેનાર તમામ ટીમના ખેલાડીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે બી.એસ.એફ ગુજરાત ફ્રન્ટના આઈ.જી. અજય તોમરે મહાનુભાવો અને ખેલાડીઓનું સ્વાગત કરીને આ પ્રતિયોગિતાનું આયોજન કરવા પાછળના ઉમદા ભાવની વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રતિયોગિતાના શુભારંભ પ્રસંગે વરિષ્ઠ અધિકારી સુનયના તોમર સહિત ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સી.આર.પી.એફ અને બી.એસ.એફના જવાનો અને મહિલાઓએ દેશભક્તિ અને સંસ્કૃતિથી સભર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.








પ્રેરણા વિદ્યાલય, ગાંધીનગર દ્વારા નગરની કલા સંસ્થા ધી ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ)ના સહયોગથી આયોજિત કલા તાલીમ શિબિર-૨૦૧૭નો સમાપન સમારોહ સોમવારે સાંજે ડૉ. આંબેડકર હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ સમારોહના અધ્યક્ષ તરીકે આવકાર ઍજ્યુકેશન ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા તથા અતિથિ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકા વૉર્ડ નં. ૭નાં નગરસેવક ઊર્મિલાબેન વર્મા, જયરાજસિંહ વાઘેલા, રાકેશ પટેલ અને હિરલ જોશી ઉપસ્થિત રહ્યાં હતાં. ચારેય નગરસેવકોએ શિબિરના તાલીમાર્થી બાળકો દ્વારા પ્રસ્તુત સ્ટેજ કૃતિઓ જોઈને સંતોષ અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી તથા તાલીમાર્થીઓ, આયોજકોને આ સફળ શિબિરના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનીષ ખત્રીએ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સ્થાપનાકાળથી જ પ્રેરણા વિદ્યાલયનો એ અભિગમ રહ્યો છે કે વિદ્યાર્થીઓને સ્કૂલમાં માત્ર અભ્યાસ ન કરાવવો પરંતુ તેમને રમતગમત અને ઈતર પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રાખવા. એ જ કારણે ૭૦ ટકા શિક્ષણ, ૧૫ ટકા સ્પોર્ટ્સ અને ૧૫ ટકા કલા પ્રવૃત્તિની રીત પ્રેરણા વિદ્યાલયે અપનાવી છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

પ્રદીપસિંહ બિહોલાએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે બાળકના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ ઉપરાંત ઈતર પ્રવૃત્તિઓ પણ આવશ્યક છે એ જરૂરિયાતને પારખીને પ્રેરણા વિદ્યાલય દ્વારા પોતાના વિદ્યાર્થીઓને તો વર્ષ દરમિયાન ઈતર પ્રવૃત્તિઓ કરાવવામાં આવે જ છે, પરંતુ આ પ્રવૃત્તિઓનો લાભ નગરના અન્ય વિદ્યાર્થીઓ પણ લઈ શકે તે હેતુથી પ્રતિવર્ષ જી ઈ ક્લબના સહયોગથી કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ હેતુ આ વખતે સુપેરે ફળીભૂત થયો છે, એમ જણાવતાં તેમણે કલા તાલીમ શિબિરમાં નગરની અન્ય શાળાઓના વિદ્યાર્થીઓ અને શહેર બહારના વિદ્યાર્થીઓ પણ સામેલ થયા હોવાનો એકરાર કરી આ બાબતે પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

કલા તાલીમ શિબિર-૨૦૧૭ અંતર્ગત તાલીમાર્થીઓને મહેંદીની તાલીમ હિરલ અને અંકિતા દ્વારા, વેસ્ટર્ન ડાન્સની તાલીમ સંકેત પવાર અને તેમના સહાયક જેપી દ્વારા, કરાટેની તાલીમ રોનક કંસારા અને તેમના સહાયક સુધીરભાઈ દ્વારા, ચિત્રકલાની તાલીમ પારૂલબેન ઠાકર દ્વારા અને પર્સનાલિટી ડેવલપમૅન્ટની તાલીમ કુંતલ નિમાવત દ્વારા આપવામાં આવી હતી.

સમારોહ અંતર્ગત કલા તાલીમ શિબિરના તાલીમાર્થીઓએ સુંદર સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરીને પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. કરાટે અને વેસ્ટર્ન ડાન્સની કૃતિઓએ પ્રેક્ષકોને મોટા અવાજે દાદ આપવા અને તાળીઓ પાડવા માટે મજબૂર કરી દીધા હતા.

સમગ્ર સમારોહનું સંચાલન વ્યક્તિત્વ વિકાસ તાલીમ વર્ગનાં તાલીમાર્થી અર્ચના અને બંસરી દ્વારા કરવામાં આવ્યું હતું.

### રાજયના સ્થાપના દિન નિમિત્તે

# ગાંધીનગરમાં લોક ડાયરો યોજાયો





ગાંધીનગર, તા. ૨

યમરાજાને જમે એવી ફરિયાદ કરીકે રાજા હવે, સારાં વાહન આપો.... જીવ લેવા જઈએ તે પહેલા તો ૧૦૮ પહોંચી જાય છે.... ગુજરાત રાજયના સ્થાપના દિન નિમિત્તે રાજયના પાટનગર ખાતે કુદરતી સૌદર્યની વચ્ચે સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોજાયેલ લોકડાયરામાં લોકપ્રિય લોકસાહિત્યકાર શ્રી મેરામણ ગઢવીએ આ શબ્દોનું ઉચ્ચારણ કરી ભરપૂર દાદ મેળવી હતી. રાજયના પાટનગર ગાંધીનગરના આંગણે રાજયના સ્થાપના દિન નિમિત્તે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નગરજનો માટે અનેરા લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડાયરાનો આરંભ સૌરાષ્ટ્ર સહિત ગુજરાતની પ્રજાના દિલમાં વસેલા ભાવનગરના લોકસાહિત્યકાર આ લોકડાયરામાં લોકપ્રિય લોકસાહિત્યકાર દ્વારા નોટબંધી, દારૂબંધી કેમ જરૂરી છે, ચારણ કન્યા, રાજકારણ, પતિ-પત્ની વચ્ચેના સંબંધો સાથે સાથે ગુજરાતીઓના જીવન સાથે સંકાળયેલી અનેક વાતોને ખૂબ સહજ ભાષામાં લોકો સામે રજૂ કરી હતી. આ ડાયરામાં ધનરાજ ગઢવી દ્વારા દુહા-છંદની રમઝટ જમાવી હતી. ત્યારે અર્ચના જોષીએ ગુજરાતી લોકપ્રિય ગીતો અને દેશ ભક્તિના ગીતો રજૂ કરીને સર્વે પ્રક્ષકોનો ઉત્સાહ વધારી દીધો હતો. આ પ્રસંગે ગાંધીનગરના યુવાન એવા હરિઓમ ગઢવીએ પણ લોકગીત રજૂ કરીને ગાંધીનગરવાસીઓને ડોલાવી દીધા હતા. કાર્યક્રમ રાજ મને લાગ્યો કસુંબીના રંગથી પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ ડાયરાના કાર્યક્રમને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, પૂર્વ મંત્રી વાડીભાઈ પટેલ, કલેકટર સતીશ પટેલ, નિવાસી અધિક કલેકટર એચ. એમ. જાડેજા, ગાંધીનગર પ્રાંત અધિકારી રાકેશકુમાર વ્યાસ, કલોલ પ્રાંત અધિકારી કે. વી. ભાલોડિયા, ગાંધીનગર મામલતદાર એ. જે. જોષી સહિત મોટી સંખ્યામાં નગરજનોએ માણ્યો હતો.

# આપણા સંબંધોનું કેન્દ્રબિંદુ, સ્ત્રોત કે ધરી કોણ?




vamlani@yahoo.co.uk

એક લગ્ન પ્રસંગ. એક આધેડ વયની સ્ત્રી. યજમાનની નજીકની સંબંધી હતી એ સ્ત્રી. એક તરફ લગ્નની વિધિ ચાલતી હતી અને એક ખૂણામાં એ સ્ત્રી કોઈ બે-ચાર સ્ત્રીઓ સાથે વાતોએ વળગી હતી અને પોતાના હૈયાની વરાળો કાઢતી હતી, પોતાના બળાપા કાઢતી હતી. ક્યારેક ક્યારેક તો એ સ્ત્રી નાના અને છુપા ડૂસકાં પણ ભરી લેતી હતી. એ સ્ત્રીનો કહેવાનો સાર એટલો જ હતો કે તેના કોઈ જ સગાસબંધીઓ તેને સરખી રીતે બોલાવતા નથી. કોઈના સુખદ કે દુ:ખદ પ્રસંગોમાં તે જાય તો બીજા લોકોને આપતા હોય એવા માનપાન તેને કોઈ આપતું નથી. તેના સગાસંબંધીઓમાં કોઈ બીમાર પડે કે હોસ્પિટલમાં દાખલ કર્યા હોય કે કોઈ નું મરણ થયું હોય તો તે સમાચારની કોઈ તેને જાણ કરતું નથી. કોઈ સગાવહાલાના સુખ દુ:ખના કોઈ સમાચાર તેને આપતું નથી. લગ્ન જેવા કોઈ શુભ પ્રસંગોએ તેને તેના સગાસંબંધીઓ નિમંત્રણ તો આપે છે પણ એ માત્ર ઔપચારિકતા ખાતર જ. દિલથી કોઈ તેને આવકારતું નથી અને દિલથી કોઈ તેને સ્વીકરતું નથી કે દિલથી કોઈ તેની સાથે સંબંધો રાખવા ઈચ્છતું નથી. એ સ્ત્રીની આ પ્રકારની ફરિયાદ કોઈ એક કે બે વ્યક્તિઓ સામે જ ન હતી, પણ એ સ્ત્રીના દરેક સગાસંબંધીઓની સામે હતી.

કોઈપણ એક વ્યક્તિના બે-ચાર સ્નેહીઓ કે સંબંધીઓ તેની ઉપેક્ષા કરે કે બે-ચાર સ્નેહીઓ કે સંબંધીઓ તેની અવગણના કરે એવું મણિ શકાય પણ જ્યારે એ વ્યક્તિના બધા જ મિત્રો કે સ્નેહીઓ કે સંબંધીઓ તેની અવગણના કરતા હોય ત્યારે એ વ્યક્તિમાં જ કઈક દોષ હોય એવું માનવું પડે. વ્યક્તિને જ્યારે એવો એહસાસ થતો હોય, એવી લાગણી થતી હોય કે પોતાની સાથે કોઈ સ્નેહીઓ કે સંબંધીઓ દિલના સંબંધો રાખતા નથી અને માત્ર ઔપચારિક, માત્ર વ્યવહાર સાચવવા પૂરતા જ સંબંધો રાખે છે ત્યારે એ વ્યક્તિએ પોતે આત્મમંથન કરવાનો સમય આવી ગયો છે એવું કહી શકાય.

એ સ્ત્રીને થતી લાગણીઓની અભિવ્યક્તિ જાણીને બે-ચાર પ્રશ્નો થાય છે;

પ્રશ્ન પહેલો, આપણાં સંબંધોનું કેંદ્રસ્થાન કોણ?

પ્રશ્ન બીજો, કઈ ધરીની આસપાસ ઉપર આપણાં સંબંધોનું ચક્ર ફરે છે?

પ્રશ્ન ત્રીજો; આપણાં સંબંધોની વહેતી નદી નું સ્ત્રોત ક્યાં?

પ્રશ્ન ચોથો, આપણાં પોતાના સ્નેહીઓ, સંબંધીઓ કે મિત્રો સાથેના આપણાં સંબંધો સાચવવા, વિકસાવવા કે નિભાવવા માટે આપણે પ્રયત્નો કરવા જોઈએ કે એ લોકો પ્રયત્નો કરશે એવું માનીને હાથ જોડીને બેસી રહેવું જોઈએ?

બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ સૂર્ય છે. સૂર્યની શક્તિ થકી જ બ્રહ્માંડના ગ્રહો, ઉપગ્રહો. તારાઓ, નક્ષત્રો તેની આસપાસ ફરે છે અને તેની સાથે યુગોથી જોડાયેલા છે. સંબંધોનું પણ એવું જ છે. આપણાં સંબંધોનું કેન્દ્રબિંદુ પણ આપણે પોતે જ છીએ. સૂર્યની જેમ જ આપણાં સંબંધોના ઉપગ્રહો. તારાઓ, નક્ષત્રો જેવા સંબંધીઓને આપણાં વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા જ આપણી સાથે કાયમ માટે જોડાયેલા રાખી શકીએ. એક કેન્દ્રબિંદુ તરીકે બ્રહ્માંડના બધા ગ્રહો, ઉપગ્રહો. તારાઓ, નક્ષત્રોને પોતાની ધરીની આસપાસ જ રાખી શકવાની સૂર્યની પાસે જે શક્તિ છે, એવી જ શક્તિ આપણાં સંબંધીઓને આપણી જ પરિઘીની અંદર રાખી શકીએ એવી આપણી પાસે છે.



ધરતીકંપની ઉત્પતિ તેના કેન્દ્રબિંદુથી જ થાય છે. ધરતીકંપ આવતા પહેલા સૌ પ્રથમ કેન્દ્રબિંદુમાં હલચલ થાય છે પછી જ ધરતીકંપ આવે છે. કેન્દ્રબિંદુમાં થયેલી હલચલને કારણે તેની અસર સો કે હજારો માઈલ સુધી થઈ શકે છે. આપણાં સંબંધોમાં પણ જ્યારે ધરતીકંપ સર્જાય છે ત્યારે એ ધરતીકંપનું કારણ અન્ય લોકોમાં શોધવા ને બદલે આપણી પોતાની અંદર જ શોધવું પડે કારણ કે ધરતિકંપના કેન્દ્રબિંદુની જેમ જ સંબંધોનું કેન્દ્રબિંદુ આપણે પોતે જ છીએ.

ગંગા નદી નો સ્ત્રોત ગંગોત્રી છે. ગંગોત્રી જ જો સુકકી ભઠ્ઠ થઈ જાય તો ગંગાના વહેણ અટકી જાય, ગંગાનો પ્રવાહ થંભી જાય. પોતાના સંબંધોનો સ્ત્રોત પણ વ્યક્તિ પોતે જ છે. જ્યાં સુધી એ સ્ત્રોતમાથી સંબંધીઓ પ્રત્યેની વ્યક્તિની લાગણી, હુફ અને પ્રેમનું નીર ઝર્યા કરશે ત્યાં સુધી સંબંધોની પવિત્ર ગંગાનો પ્રવાહ વહ્યા કરશે. વ્યક્તિના પોતાના સંબંધોની ગંગા વ્યક્તિ પોતે ધારે એટલી વિસ્તારી શકે છે અને ધારે એટલી તેને સંકુચિત પણ કરી શકે છે, કારણ કે સંબંધોના સાતત્યભર્યા પ્રવાહ નું ઉદગમ સ્થાન વ્યક્તિ પોતે જ છે.

હા, પેલી સ્ત્રીની ફરિયાદમાં કદાચ થોડુંઘણું તથ્ય હોય શકે છે. એવું હોય તો કહી શકાય કે સંબંધોનું કેન્દ્રબિંદુ ગમે એટલું શક્તિશાળી હોય, કે સંબંધોનો સ્ત્રોત અખૂટ હોય, તો પણ સંબંધોમાં આપણે દરેક વ્યક્તિને સંતુષ્ટ કરી શકતા નથી. ખુદ ઈશ્વર પણ દરેક જીવને સંતુષ્ટ કરી શકતો નથી. આપણે તો પામર માનવી છીએ, આપણું શું ગજું? આપણે બધા જ સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રો કે કુટુંબીજનોને સંતુષ્ટ કરવાનો પ્રયત્ન કરવા જઈએ તો સંપૂર્ણ સફળતા મોટાભાગે મળતી નથી. ઊલટાનું સૌને સંતુષ્ટ ના કરી શકવાનો આપણાં પોતાના મનનો ભાર વધી જાય છે. આપણાં બધા જ સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રો કે કુટુંબીજનોને સંતુષ્ટ રાખવાની ઈચ્છા, તેના માટેના અથાગ અને સન્નિષ્ઠ પ્રયત્નો અને પછી પણ જો નિષ્ફળતા મળે તો આપણે આપણાં મન ઉપરનો વિશ્વાસ ખોઈ બેસીએ છીએ. પરિણામે દુઃખ અને અસહાયતા અનુભવીએ છીએ. હા, આપણાં પ્રયત્નોમાં ક્યાય ઉણપ કે ખામી ના હોય તો તેનો આપણને થોડો સંતોષ મળે છે અને તેનો ભાર થોડો હળવો થાય છે પણ વેદનાનો અનુભવ તો કરીએ જ છીએ.

આપણાં સંપૂર્ણ અને સન્નિષ્ઠ પ્રયત્નો પછી પણ આપણે જો સંબંધોમાં સૌને સંતુષ્ટ ના કરી શકીએ તો એનો અર્થ એવો થયો કે જે લોકોને આપણે સંતુષ્ટ નથી કરી શકતા એ લોકો અને તેઓની સાથેના આપણાં સંબંધો આપણાં પોતાના નિયંત્રણમાં નથી. જે સંબંધો આપણાં નિયંત્રણમાં ના હોય તેને માટે દુ:ખી થવાનો, તેના બળાપા કાઢવાનો કે તેની વિરુધ્ધ ફરિયાદો કરવાનો કઈ જ અર્થ નથી. તેને બદલે જે લોકો અને તેઓની સાથેના સંબંધો આપણાં નિયંત્રણ માં હોય તે સંબંધોને વધારે ગાઢ બનાવવા પ્રયત્ન કરીએ તો વધારે આનંદ મળશે.

વ્યક્તિના હૃદયમાથી ઉદભવતા પ્રેમ, હુફ, માન-સન્માન, હેત, વિશ્વાસ, સહાનુભૂતિ, જેવી લાગણીઓ અને સંબંધો નિભાવવાનો સકારાત્મક અભિગમ જ વ્યક્તિને સબળ અને પ્રબળ બનાવે છે અને તેના થકી જ સંબંધો ગઢ અને પ્રગાઢ બને છે. સંબંધોનું કેન્દ્રબિંદુ પોતે જ જો સબળ હશે તો તેનું પોતાનું વિશ્વ પોતાની સાથે જ જોડાઈને રહેશે અને પોતાનું જ થઈને રહેશે. સંબંધોનો સ્ત્રોત જ જો અખૂટ હશે તો લાગણીઓનો પ્રવાહ અવિરત વહેતો રહેશે અને સતત વિસ્તાર પામતો રહેશે.

# અમદાવાદમાં બૂક ફેરનો પ્રારંભ
## પ્રથમ દિવસે મરીઝને શ્રદ્ધાંજલી

ગાંધીનગર, તા. ૨

અમદાવાદ શહેરમાં નેશનલ બૂક ફેરની શરૂઆત થઇ ગઇ છે. ગુજરાતના જાણીતા શાયર મરીઝનું જન્મશતાબ્દી વર્ષ હોવાથી આ વર્ષનો બૂક ફેર મરીઝને સમર્પિત કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે પ્રથમ દિવસે ત્રિવેણીઃ સૂર શબ્દ અને તાલ અંતર્ગત મરીઝને શ્રદ્ધાંજલી અર્પણ કરાઇ, અધ્યક્ષપદે રહેલાં જ્ઞાનપીઠ પુરસ્કૃત સાહિત્યકાર રઘુવીર ચૌધરીએ મરીઝના જીવનની દૂદર્શા વચ્ચે સાહિત્ય સર્જન કરતાં રહેલાં પાસા અંગે વાત કરી તો શોભિત દેસાઈએ શ્રોતાઓને મરીઝની સાયરીઓમાં રસતરબોળ કર્યા. તે ઉપરાંત ભાગ્યેશ જહા, જય વસાવડા, કાજલ ઓઝા વૈદ્ય, વસંત ગઢવી, શોભિત દેસઆઈ સહિતના વક્તાઓએ વિવિધ મુદ્દે પોતાના મંતવ્યો રજૂ કરીને શ્રોતાઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરી હતી. પ્રથમ દિવસે ધીરે ધીરે અમદાવાદીઓએ પુસ્તકોની ખરીદી શરૂ કરીને વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવાની પણ શરૂઆત કરી હતી.

# મુખ્યમંત્રીએ હોમગાર્ડ્સને બિરદાવ્યા

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સ્થાપના દિવસની રાજ્યકક્ષાની ઉજવણી દરમિયાન સોમવારે લાલ દરવાજા સ્થિત નવનિર્મિત ‘હોમગાર્ડઝ ભવન’નું મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. આ દરમિયાન હોમગાર્ડના પાંચ હજાર જેટલા જવાનો ઉપસ્થિત રહ્યાં હતા જે પૈકી ૧ હજાર જવાનો માનવસાંકળ રચીને આ ઉજવણીમાં સહભાગી બન્યા હતા. આ પ્રસંગે ગૃહરાજ્ય પ્રધાન પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણી અને રાજ્યના પોલીસ વડા ગીથા જોહરીએ સંબોધન કર્યું હતું.

લાલ દરવાજા સરદાર બાગ ખાતે હોમગાર્ડના જવાનોને સંબંધતા મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, વિકાસ માટે પહેલા શાંતી અને સલામતી જરૂરી હોય છે. અમદાવાદ સહિત રાજ્યમાં જે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સ્થપાઈ છે તેમાં પોલીસ સાથે હોમગાર્ડના જવાનોનો પણ ફાળો રહ્યો છે. આ પ્રસંગે મુખ્ય પ્રધાને ચાર જવાનોને ચંદ્રક આપી સન્માન પણ કર્યું હતું. ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પણ આ પ્રસંગે હોમગાર્ડના જવાનોની કામગીરી બીરદાવી મુશ્કેલીના સમયે પોલીસ સાથે ખભેખભો મીલાવતા હોમ ગાર્ડના જવાનોને બીરદાવ્યાં હતા. સરકાર દ્વારા હોમગાર્ડના જવાનોના વેતન અંગે લેવાયેલા નિર્ણયનો પણ હોમગાર્ડના જવાનો વતી ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહે મુખ્ય પ્રધાન રૂપાણીનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ ભવનનાં લોકર્પણ પ્રસંગે સરદાર બાગમાં યોજાયેલા સમારંભમાં અધિક મુખ્ય સચિવ એમ.એસ. ડાગુર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શંકરભાઈ ચૌધરી અને મહિલા તથા બાળ કલ્યાણ મંત્રી નિર્મલાબહેન વાધવાની અને વાહનવ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.